રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૦૭૪ કેસ : ૨૨નાં મોત

રાજ્યમાં ૨૬૫૯૧ ટેસ્ટ કરવામાં આવ્યા : આજે ૪૮૪૫૭૧ને ક્વોરેન્ટાઈન કરાયા, અત્યાર સુધી ૫૧૬૯૨ને ડિસ્ચાર્જ કરાયા

ગાંધીનગર,તા.૭

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૨૬૫૯૧ ટેસ્ટ કરવામાં આવતા ૧૦૭૪ કેસ નોંધાયા હતા. આ સાથે કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૬૮ હજારને પાર થઈ ૬૮૮૮૫ થયો છે. રાજ્યમાં ૨૨ મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૬૦૬ થયો છે. રાજ્યમાં આજે ૧૩૭૦ દર્દીઓ ડિસ્ચાર્જ કરવામાં આવતા આંકડો ૫૧ હજારને પાર થઈ કુલ ૫૧૬૯૨ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. રાજ્યમાં આજે એક્ટિવ કેસનો આંકડો ૧૪૫૮૭ થયો છે. જેમાં ૮૬ વેન્ટીલેટર પર અને ૧૪૫૦૧ સ્ટેબલ છે.રાજ્યમાં કોરોના પોઝીટીવનો આંકડો ચાલુ સપ્તાહમાં ચોથીવાર હજારને પાર થયો છે.આરોગ્ય વિભાગની યાદી મુજબ આજે કોવિડ-૧૯ના કારણે ૨૨ દર્દીઓના મોત નોંધાયા છે.જેમાં સુરત જિલ્લામાં અને મહાનગરપાલીકામાં ૫-૫, અમદાવાદ મહાનગરમાં ૩, મોરબી અને વડોદરામાં ૨-૨, અમરેલી, આણંદ, જામનગર મહાનગરપાલિકા, રાજકોટ મહાનગરપાલિકા અને વલસાડમાં ૧-૧ મોત નોંધાયા છે.

અમદાવાદ શહેરમાં આજે ૧૪૨ અને ગ્રામ્યમાં ૧૧ સાથે ૧૫૩ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૨૭૫૮૭ થયો છે. જ્યારે વધુ ૩ મોત સાથે ૧૬૨૫ કુલ મોત અમદાવાદમાં નોંધાયા છે. સુરત શહેરમાં ૧૮૩ અને જિલ્લામાં ૪૮ સાથે ૨૩૧ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૧૪૭૬૭ થયો છે. આજે વધુ ૧૦ મોત સાથે મોતનો કુલ આંકડો ૪૮૨ થયો છે. વડોદરા શહેરમાં ૮૮ અને જિલ્લામાં ૨૨ સાથે ૧૧૦ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે.આજે વધુ ૨ મોત સાથે મૃત્યુઆંક ૯૩ થયો છે. રાજકોટ શહેરમાં ૫૮ અને જિલ્લામાં ૩૨ સાથે ૯૦ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે.જ્યારે ૧ મોત સાથે મૃત્યુઆંક ૪૪ થયો છે.

ગાંધીનગર મહાનગરપાલીકામાં ૧૦ અને જીલ્લામાં ૧૭ સાથે કુલ ૨૭ કેસ નોંધાયા છે.આ સાથે સંક્રમિતોનો કુલ આંકડો ૧૬૮૦ થયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૯,૩૦,૩૭૩ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં.જેમાં ૪,૮૪,૫૭૧ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યાં છે.જે પૈકી ૪,૮૩,૨૫૧ વ્યક્તિ હોમ ક્વોરન્ટાઈન છે અને ૧૩૨૦ વ્યક્તિ ફેસીલીટી ક્વોરન્ટાઈન કરેલ છે.

તંત્રની ઘોર બેદરકારી કે કુણી લાગણી

આગમાં મૃત્યુ પામનારાને કોરોનાથી મૃત્યુ થયાનું દર્શાવ્યું

હોસ્પિટલના માલિકોને બચાવાવા તંત્રએ તમામ હદો વટાવી

અમદાવાદ,તા.૭

શ્રેય હોસ્પિટલમાં ગુરુવારે લાગેલી આગમાં ભડથુ થઈ જનારા આઠ કોરોનાનાં દર્દીઓના મોતમાં સત્તાધીશો હોસ્પિટલના માલિકોને બચાવાવા માટે તમામ હદો વટાવી દેતા આગમાં મરી જનારા દર્દીઓને કોરોનામાં મૃત્યુ પામ્યો હોવાનું દર્શાવ્યુ છે.જેનાથી ચકચાર મચી ગયો છે.નવરંગપુરા વિસ્તારમાં આવેલી ૫૦ બેડની શ્રેય હોસ્પિટલમાં ગુરુવારે સવારે ૩ વાગ્યે શોર્ટ સર્કિટના કારણે ચોથા માળે આઈસીયુમાં આગ લાગી હતી.આગના લીધે કોરોનાની સારવાર લઈ રહેલા ૮ દર્દીઓના બેડ પર સુતેલી હાલતમાં જ મૃત્યુ થયા હતાં.આ કરુણાતિકામાં પાંચ પુરુષ અને ત્રણ મહિલાનો સમાવેશ થાય છે.રાજ્યમાં ફાયર સેફટીના મુદ્દે ગુજરાત હાઈકોર્ટે અનેકવાર મ્યુનિસિપલ કોર્પોરેશન અને ફાયર ડીપાર્ટમેન્ટને ટકોર કરી છે. કોર્પોરેશન અને ફાયર ડિપાર્ટમેન્ટે શ્રેય હોસ્પિટલમાં ફાયર સેફટીના મુદ્દે જે ઘોર બેદરકારી દાખવી તેની કિંમત આઠ કોરોનાગ્રસ્ત દર્દીના પરિવારોને ચુકવવી પડી.શ્રેય હોસ્પિટલ પાસે ફાયરનું એન ઓસી તો ન જ હતું પરંતુ ફાયર ઓડીટ પણ કરાયું ન હતું.

ભાજપ સાથે ઘરોબા ધરાવતા હોસ્પીટલના ટ્રસ્ટી પૈકી ભરત મહંતની સામાન્ય પુછપરછ કરાઈ છે.આ લખાય છે ત્યાં સુધી હોસ્પિટલની સામે એફઆઈઆર ૩૬ કલાક વીતી ગયા હોવા છતાં નોંધાઈ નથી . શ્રેય હોસ્પિટલને ગુરુવારે રાતે નવ વાગે છેક સીલ કરવામાં આવી હતી.આ ઓછું હોય તેમ માનવતાના તમામ નિયમોને નેવે મુકી શ્રેય હોસ્પિટલમાં મૃત્યુ પામનાર ૬૦ વર્ષની વયના પુરુષ નું મોત કોરોનાને લીધે થયું હોવાનું બતાવી આડકતરી રીતે શ્રેય હોસ્પિટલને બચાવવા માટેની કોશિષ થઈ હોવાનું દેખાઈ આવે છે.

પેટા ચૂંટણીઓ નજીક આવતા રાજકીય ગતિવિધિઓ શરૂ થઈ ચુકી છે. આમ આદમી પાર્ટીના ગાંધીનગર જિલ્લાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. પાર્ટીના જિલ્લા કાર્યાલય ખાતે જિલ્લા પ્રમુખ ગુણવંતભાઈ પટેલના હસ્તે ગાંધીનગર શહેર સંગઠન મંત્રી વિનોદભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર જિલ્લા યુવા પ્રમુખ તરીકે ફેનિલભાઈ પટેલ અને જિલ્લા યુવા મંત્રી તરીકે ધ્રુવ પટેલની વરણી કરવામાં આવી છે.

ડીસામાં મોટાભાગની હોસ્પિટલોમાં ફાયર સેફટીનો અભાવ

આગ હોનારત કે અન્ય દુર્ઘટનામાં મોટી જાનહાની થવાની શકયતા

અમદાવાદની શ્રેય હોસ્પિટલના અગ્નિકાંડથી બનાસવાસીઓ પણ હતપ્રભ બની ગયા છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં તબીબી ક્ષેત્રે નામના ધરાવતા ડીસા નગરમાં હાઈવે સ્થિત ડોકટર હાઉસમાં અનેક ખાનગી હોસ્પિટલ ધમધમી રહી છે. અદ્યતન સારવારના દાવા કરતી આ હોસ્પિટલોમાં ફાયર સેફટીનો સદંતર અભાવ જોવા મળ્યો છે. આગ જેવી કોઈ આકસ્મિક દુર્ઘટના બને તો આ હોસ્પિટલોમાં મોટી જાનહાની થવાની શકયતા રહેલી છે. આ બાબતે ડીસા પાલિકાના ફાયર સુપ્રીટેડેન્ટ દ્વારા પણ કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા તબીબોને છૂટો દોર મળી રહ્યો છે.

કોરોના મહામારી વચ્ચે અમદાવાદ ખાતે આવેલી શ્રેય હોસ્પિટલમાં લાગેલી આગના પગલે કોરોના વોર્ડમાં સારવાર લઈ રહેલા આઠેક દર્દીઓના આગમા કરુણ મોત નિપજતા સમગ્ર દેશમાં અરેરાટી વ્યાપી જવા પામી છે જોકે તપાસ બાદ હોસ્પિટલમાં ફાયર સેફટીના સાધનોનો અભાવ હોવાનું બહાર આવતા હોસ્પિટલ સંચાલકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે પરંતુ તંત્રને પણ આવી કોઈ દુર્ઘટના સર્જાય છે ત્યારે જ સુરક્ષાની બાબતો યાદ આવે છે. ત્યારે બનાસકાંઠાના ડીસામાં હાઈવે ઉપર આવેલ ડોકટરહાઉસમાં ૫૦ થી વધુ તબીબો પોતાની હોસ્પિટલ ચલાવી રહ્યા છે. જો કે અદ્યતન સારવારનો દાવો કરતા આ તમામ તબીબોની હોસ્પિટલમાં ફાયર સેફટી નામે કોઈ જ સુવિધા કે સાધન જોવા મળ્યા ન હતા. તેથી અમદાવાદ ખાતે બનેલી આગ હોનારત જેવી કોઈ મોટી દુર્ઘટના બની જાય તો દર્દીઓના જીવ રામ ભરોસે છે તેમ છતાં મોટા ભાગના તબીબોએ આજદિન સુધી ફાયર સેફટી બાબતે કોઈ જ કાર્યવાહી કરી નથી. ડીસામાં હાઈવે ઉપર કાર્યરત ૫૦ હોસ્પિટલમાંથી અત્યાર સુધી માત્ર ૧૫ જેટલા તબીબોએ ફાયર સેફટી માટે પાલિકાના ફાયર સેફટી વિભાગમાં અરજી કરી લાયસન્સ માટેની માત્ર તજવીજ હાથ ધરી છે જ્યારે માત્ર ૮ જેટલી હોસ્પિટલમાં ફાયર સેફટી સુવિધા કાર્યરત છે. ત્યારે ડીસામાં રાજસ્થાન સહિતના રાજ્યોમાંથી હજારો દર્દીઓ પણ સારવાર અર્થે આવતા હોય છે પરંતુ આ દર્દીઓની સલામતીની જવાબદારી કોની ? તે સવાલ વચ્ચે ફાયર સેફટીના અભાવે મોટી દુર્ઘટના કે જાનહાની પણ થવાની શકયતા રહેલી છે.

પાર્કિંગનો પણ અભાવ

ડીસાના હાઈવે વિસ્તારમાં એક એકથી ચડિયાતી સૌથી વધુ ખાનગી હોસ્પિટલો આવેલી છે પરંતુ અદ્યતન મકાનમાં ચાલતી આ હોસ્પિટલના તબીબોએ પાર્કિંગની જગ્યા જ છોડી નથી. તેથી અહીં અવારનવાર ચક્કાજામ ટ્રાફિક થાય છે. જે ટ્રાફિકમાં એમ્બ્યુલન્સ અને ૧૦૮ વાન પણ અટવાઈ પડે છે જેથી બીમાર દર્દીનો જીવ જોખમમાં મુકાય છે પણ તબીબો કે તંત્ર પાર્કિંગ મુદ્દે ભેદી ચુપકીદી સેવે છે.

ખેડબ્રહ્મા શહેરમાં વધુ બે કેસ

ખેડબ્રહ્મા શહેરમાં બે દિવસમાં ૩ પોઝીટીવ કેસ આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. ખેડબ્રહ્મામાં ગુરુવારના રોજ એક પુરુષનો પોઝીટીવ રિપોર્ટ આવ્યા બાદ મોડી સાંજના ગામ વિસ્તારમાં માણેકબહેન લાલાભાઈ વણકર ૬૦ અને અશોક કુશાલભાઈ વણકર ૩૫ વર્ષને પોઝીટીવ આવતા તંત્ર ધ્વારા બંને વિસ્તાર કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા હતા.

વધુ ૧૮ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા તાલુકામાંથી આજે ૩ કેસ મળ્યા છે જેમાં બે અર્બન વિસ્તારમાંથી અને એક ગ્રામ્ય વિસ્તારમાંથી કેસ નોંધાયો છે. મળતી વિગતો પ્રમાણે અર્બન એરિયામાંથી એક ૫૪ વર્ષીય પુરૂષ અને ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે, આ ઉપરાંત વરસોડા ગામેથી એક ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાંથી આજે ૪ કેસ મળ્યા છે. આ ચારેય કેસ અર્બન વિસ્તારમાં નોંધાયા છે. અર્બન-૧ માંથી ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જ્યારે અર્બન-૨ વિસ્તારમાં નોંધાયેલા ૩ કેસમાં એક ૫૬ વર્ષીય, એક ૪૦ વર્ષીય અને એક ૬૭ વર્ષીય પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસો એ તંત્રની ઊંઘ ઉડાડી દીધી છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓનો રિકવરી રેટ ઘણો સારો છે. આજે એક જ દિવસમાં ૩૩ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૧૫ દર્દીઓ રિકવર થઈ ચુક્યા છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તારના ૨૧૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૫૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ છે. જિલ્લામાં આજે ૧૭,૩૮૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જેમાં ૧૭,૩૪૨ લોકો હોમ ક્વોરોન્ટાઈન, ૨૨ સરકારી ફેસીલીટી સેન્ટરમાં અને ૨૪ લોકો પ્રાયવેટ ફેસીલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે.

નવા ૧૦ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૨૭ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક મહિલા દર્દી અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે ૯૦ વર્ષની વય ધરાવતા એક વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધા કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ તંત્ર વિગતો મેળવી રહેલ છે. આ વૃદ્ધાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા છે. તેમના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સિંચાઈ વિભાગમાં એન્જીનીયર તરીકે સેવાઓ આપતા અને સે. ૧ માં રહેતા ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. હળવદ-મોરબી ડિવીઝનમાં તેઓ ફરજ બજાવતા હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તે મંજૂર રાખેલ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૨ માં પુસ્તકની દુકાન ધરાવતા અને સે. ૨૫ માં રહેતા એક ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ વેપારીના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

જી.એસ.ટી.માં અમદાવાદ ખાતે ફરજ બજાવતા અને સે. ૧૭ માં રહેતી ૨૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧૭ માં ધીમી ગતિએ કેસોની સંખ્યામાં જે ઉછાળો આવી રહ્યો છે તેને લઈ તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે. તંત્રની ચિંતા પણ વધી છે. આ મહિલા દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. મહિલા દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૧૪ માંથી એક નિવૃત્ત કર્મયોગી ૬૬ વર્ષીયનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તેમના પરિવારના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૭ માંથી એક ૬૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમના પરિવારની એક વ્યક્તીને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૧ માંથી એક ૭૨ વર્ષીય વડીલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તેમના પરિવારની બે વ્યક્તીઓને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. ગાંધીનગર કોર્ટમાં બેલીફ તરીકેની સેવાઓ આપતી અને સે. ૬ માં રહેતી એક ૪૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તેણીનીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. શહેરમાં નોંધાયેલા કેસો પૈકી હાલ ૧૦૫ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૪૦૦ થી વધુ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં હાલ ૩૫૦ જેટલા લોકોને તંત્રએ ક્વોરોન્ટાઈન હેઠળ રાખ્યા છે. શહેરમાં ૨૦૦ થી વધુ કન્ટેનમેન્ટ ઝોન હાલ છે.

નાનું અમથું...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અવ્યવસ્થાનો સામનો કરવો પડી રહ્યો છે. ઉદ્યોગભવનના બિલ્ડીંગને અનુલક્ષી લાંબા સમય પુર્વે કલરકામ તેમજ ફલોરીંગ અને સંકુલમાં ઉદ્યાન સહીત પાર્કીંગનુ કામ હાથ ધરાયુ હતુ પરંતુ હાલની સ્થિતિએ પુરતી પાર્કીંગ વ્યવસ્થા ત્વરિત ઉભી કરવી અનિવાર્ય છે. ઉદ્યોગ ભવનનુ બિલ્ડીંગ પણ ભુલભલૈયા સમાન છે. ત્યારે સંકુલમાં પ્રવેશતા જ મુલાકાતી ગોથે ચઢે છે. પાર્કીંગ માટે પર્યાપ્ત જગ્યા ન હોવાથી સિક્યુરીટીએ પણ રોજબરોજ મુલાકાતીઓ સાથે સંઘર્ષમાં ઉતરવુ પડે છે.

પહેલી રસી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્પૂતનિક ન્યૂઝે રક્ષા મંત્રાલયના હવાલાથી કહ્યું કે આ વેકસીનને આપ્યા બાદ પરિણામ ખૂબ સકારાત્મક આવ્યા છે. ટ્રાયલ કરવામાં આવી રહેલા વ્યક્તિની ઈમ્યૂનિટી સિસ્ટમ સારો રિસ્પોન્સ કરી રહી હતી. વ્યક્તિ પર કોઈ પણ પ્રકારની સાઈડ ઈફેક્ટ નથી જોવા મળી. ફ્રેંહેીજિના બુરડેંકો હૉસ્પિટલમાં ટેસ્ટ કરવામાં આવ્યા. ગામાલેવા ઈંસ્ટિટ્યૂટના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ વેક્સીનને સામાન્ય જનતાના ઉપયોગ માટે ૧૦ ઓગસ્ટ સુધી મંજૂરી અપાવી દઈશું. પરંતુ સૌથી પહેલા ફ્રન્ટલાઈન હેલ્થવર્કર્સને વેક્સીન આપવામાં આવશે. એટલે કે એવા લોકો જેઓ કોરોનાના દર્દીઓની સારવારમાં લાગેલા છે. આ દરમિયાન ડબલ્યુએચઓએ રશિયાની આ વેક્સીનને લઈ અનેક પ્રકારની ચિંતાઓ વ્યક્ત કરી છે. ડબલ્યુએચઓનું કહેવું છે કે રશિયાએ વેક્સીન તૈયાર કરવા માટે ગાઈડલાઈન્સનું પાલન નથી કર્યું. એવામાં આ વેકસીનની સફળતા પર વિશ્વાસ કરવો મુશ્કેલ છે. ડબલ્યુએચઓનું કહેવું છે કે હાલમાં દુનિયાભરમાં ૬ વેક્સીનના ત્રીજા ચરણના ટ્રાયલ ચાલી રહ્યા છે. તેમાંથી ૩ વેક્સીન ચીનની છે. ડબલ્યુએચઓ મુજબ ચરણ ૩માં મોટી સંખ્યામાં લોકો પર ટ્રાયલ કરવામાં આવ્યા છે. અહીં એ જાણવામાં આવે છે કે આ વેક્સીન લાંબા સમય સુધી અને વધુમાં વધુ લોકો પર કામ કરી રહી છે કે નહીં. હાલ એ વાતની ગેરંટી નથી કે ત્રીજા ચરણમાં તે સફળ જ રહેશે.

વિક્રમી વધારો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડબલ થવાના દિવસો ઓછા થઈ રહ્યા છે. દેશમાં ૧૦ રાજ્યોમાં વસ્તી ૫ કરોડથી વધુ છે. જેમાંથી ૬ રાજ્યોમાં જૂનમાં જેટલા કેસ ડબલ થઈ રહ્યા હતા એનાથી ઓછા દિવસમાં હાલ ડબલ થઈ રહ્યા છે. જેમાં , બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, આંધ્રપ્રદેશ અને પશ્ચિમબંગાળ સામેલ છે. એટલે કે, આ ૬ રાજ્યોમાં સંક્રમણ વધી રહ્યું છે. સાથે જ મહારાષ્ટ્ર, તમિલનાડુ, ગુજરાત અને કર્ણાટકમાં કેસ ડબલ થવાની સ્પીડ ધીમી પડી છે. દરમિયાન, બ્રાઝીલમાં ૫૧,૬૦૩ નવા કેસની સાથે કોરોના વાયરસના કેસની સંખ્યા ૨૮ લાખને પાર પહોંચી ગઈ હતી. બ્રાઝીલના રાષ્ટ્રપતિ જેયર બોલસોનારો સતત કોરોના વાયરસને એક સામાન્ય ફ્લૂ ગણાવતા રહ્યા છે જેને કારણે તેમને આકરી પ્રતિક્રિયાનો સામનો કરવો પડ્યો છે.

આઈ.આઈ.ટી.ઈ. સેકટર-૧૫ ખાતે જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા કક્ષાના ૭૧ મા વન મહોત્સવની ઉજવણી આજરોજ બનિ અનામત જાતિ સામાજિક અને આર્થિક વિકાસ નિગમના ઉપાધ્યાયક્ષ શ્રી વિમલ ઉપાધ્યાય અને જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યની ઉપસ્થિતિમાં આઈ.આઈ.ટી.ઈ. સેકટર-૧૫ ખાતે કરવામાં આવી હતી.

આ પ્રસંગે બિન અનામત જાતિ સામાજિક અને આર્થિક વિકાસ નિગમના ઉપાધ્યાયક્ષ શ્રી વિમલ ઉપાધ્યાયએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વન મહોત્સવ એ માત્ર ક્રિયાકાંડનો વિષય ન બની રહે તે હેતુથી રાજયમાં મુખ્યમંત્રી હતા, ત્યારથી દર વર્ષે ગુજરાતમાં સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવાની પહેલ કરી હતી. જેની ફલશ્રુતિ રૂપે ગાંધીનગર શહેરમાં વર્ષ-૨૦૦૪માં ૫૫ મા વન મહોત્સવની અંતર્ગત પુનિતવન નું નિર્માણ કરવામાં આવ્યું હતું. વર્ષ- ૨૦૧૯ સુધીમાં રાજયમાં ૧૯ સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર વન વર્તુળના મુખ્ય વન સંરક્ષક શ્રી ડૉ. કે. રમેશે જણાવ્યું હતું કે, સને ૨૦૦૩થી વન વિસ્તાર બહારના વક્ષોની ગણતરી શરૂ થઈ હતી. વન વિસ્તાર બહારના વૃક્ષોની પ્રથમ વાર થયેલી ગણતરી ગુજરાતમાં વન વિસ્તાર બહાર કુલ-૨૫ કરોડ વૃક્ષો હતા. જે વધીને સન – ૨૦૧૭ ની વન વિસ્તાર બહારના વૃક્ષોની ચોથી ગણતરી મુજબ કુલ-૩૪ કરોડ વૃક્ષો થયા હતા.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં વન વિસ્તાર માત્ર ૨૪૩૨ હેકટર છે, તેમ છતાં ગાંધીનગર જિલ્લામાં આશરે ૧.૨૮ કરોડ વૃક્ષો આવેલા છે. જે પૈકી ૩૦ લાખ લીમડાના વૃક્ષો, ૨૨ લાખ દેશીબાવળ વિગેરે વૃક્ષો આવેલા છે. ગાંધીનગર જિલ્લામાં એક હેકટર વિસ્તારમાં અંદાજીત ૬૩ વૃક્ષો થાય છે. ગાંધીનગર વૃક્ષારોપણમાં પાયાનું તેમજ અગ્રેસર સ્થાન ધરાવે છે. આજ કારણથી ગ્રીન સીટી તરીકે પણ ઓળખાય છે.

મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી નાયબ વનસંરક્ષક શ્રી નેવીલ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગત વર્ષે વન વિભાગ દ્વારા ગાંધીનગર જિલ્લામાં ૫૨૩ હેકટર વિસ્તારમાં ૪.૩૦ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જયારે વન વિભાગ સિવાય અન્ય સરકારી સંસ્થાઓ, બનિ સરકારી સંસ્થાઓ, શાળા-કોલેજો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ખેડૂતો અને અન્ય જિલ્લા વાસીઓ દ્વારા વિવિધ ૧૭૩૭ જગ્યાઓ પર કુલ-૧૮.૪૦ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. તેમજ જ રોડના ડિવાઈડરમાં ૧૩૨૫ બોટલ પામના વૃક્ષોથી બ્યુટીફિકેશન કરવામાં આવ્યું હતું.

શિક્ષણ નીતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યક્રમમાં ઉંઈદ્ધ મંત્રી રમેશ પોખરિયાલ નિશંક અને ઘણી યુનિવર્સિટીઝના વાઈસ ચાન્સલર પણ જોડાયા હતા. ‘ટ્રાન્સફોર્મેશનલ રિફોર્મ્સ ઈન હાયર એજ્યુકેશન અંડર નેશનલ એજ્યુકેશન પોલિસી’ની થીમ વાળી આ ઈવેન્ટનેં ઝ્ઠ અને માનવ સંસાધન વિકાસ મંત્રાલયના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર લાઈવ ટેલિકાસ્ટ પણ કરવામાં આવ્યું હતું.

તેમણે કહ્યું કે દરેક દેશ તેની શિક્ષણ વ્યવસ્થાને રાષ્ટ્રીય મૂલ્યો સાથે જોડીને રાષ્ટ્રીય લક્ષ્ય તરફ આગળ વધે છે. જેથી દેશની એજ્યુકેશન સિસ્ટમ તેની વર્તમાન અને આવનારી પેઢીઓનું ભવિષ્ય તૈયાર કરી શકે. ભારતની પોલિસીનો આધાર પણ આ જ વિચાર છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૧મી સદીના ભારતનો પાયો તૈયાર કરવા જઈ રહી છે.

છેલ્લા ઘણા વર્ષથી આપણા શિક્ષણનીતિમાં કોઈ ફેરફાર થયો નથી,જેનાથી સમાજમાં સિક્યોરિટી અને ઈમેજિનેશનની વેલ્યૂને પ્રોત્સાહિત કરવાની જગ્યાએ ઘેટા બકરાની ચાલને પ્રોત્સાહન મળવા લાગ્યું હતું. ક્યારેક ડોક્ટર તો ક્યારેક એન્જિનીયર તો ક્યારેક વકીલ બનાવવાની સ્પર્ધા લાગવા માંડી. આમાંથી બહાર નીકળવું જરૂરી હતું. જ્યાં સુધી શિક્ષણમાં જુસ્સો ન હોય, શિક્ષણનો હેતું ન હોય ત્યાં સુધી આપણા યુવાનોમાં ક્રિટિકલ અને નવીન વિચારસરણી કેવી રીતે વિકસીત થાય.

નવી નીતિમાં કુશળતા પર ફોકસ કરવામાં આવ્યો છે એમ કહીને તેમણે ઉમેર્યુ કે ૨૧મી સદીના ભારતમાં આપણા યુવાનોને જે કુશળતા જોઈએ છે તેના પર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પર ખાસ ભાર આપવામાં આવ્યો છે. ભારતને શક્તિશાળી બનાવવા માટે વિકાસની નવી ઊંચાઈ પર પહોંચાડવા માટે આ એજ્યુકેશન પોલિસીમાં ખાસ ભાર આપવામાં આવ્યો છે. જ્યારે ભારતના વિદ્યાર્થી ભલે તે નર્સરીમાં હોય કે પછી કોલેજમાં, ઝડપથી બદલાઈ રહેલા સમય અને જરૂરિયાત પ્રમાણે ભણશે તો રાષ્ટ્ર નિર્માણમાં રચનાત્મક ભૂમિકા અદા કરી શકશે.

શિક્ષક શિખશે તો દેશ આગળ વધશે એમ કહીને વડાપ્રધાને કહ્યું કે, ભારતનો ટેલેન્ટ ભારતમાં જ રહીને આવનારી પેઢીઓનો વિકાસ કરે, તેના પર ભાર આપવામાં આવ્યો છે. ટીચર્સ ટ્રેનિંગ પર વધારે ભાર આપવામાં આવ્યો છે. આઈ બિલિવ વેન અ ટીચર લર્ન, એ નેશન લીડ. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માત્ર એક સર્કુલર નથી, તેના માટે મક્કમ થવું પડશે. ભારતના વર્તમાન અને ભવિષ્યને બનાવવા માટે આ એક મહાયજ્ઞ છે. ૨૧મી સદીમાં મળેલો મોટો અવસર છે. છેલ્લા ઘણા વર્ષોથી આપણી એજ્યુકેશન સિસ્ટમમાં ફેરફાર નહોતા થયા. ઉચ્ચ શિક્ષણ આપણા જીવનમાં સંપ લાવે છે.રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું લક્ષ્ય આની સાથે જ જોડાયેલું છે.

શરૂઆતના દિવસમાં સૌથી મોટો સવાલ એ જ હતો કે આપણી શિક્ષણ વ્યવસ્થા યુવાનોને ઉત્સાહિત કરે છે કે નહીં? બીજો સવાલ હતો કે શું શિક્ષણ વ્યવસ્થા યુવાનોને શસક્ત કરે છે. દેશમાં એક એમ્પાવર સોસાયટીના નિર્માણમાં મદદ કરે છે. તમે આ સવાલો અને તેના જવાબોથી પણ સંતુષ્ટ છો. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ બનાવતી વખતે આ સવાલો પર ગંભીરતાથી કામ કરવામાં આવ્યું. છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે જ્યારે નર્સરીનું બાળક પણ નવી ટેકનોલોજી અભ્યાસ કરી શકશે, ત્યારે ભવિષ્ય માટેની તૈયારી કરવાનું વધુ સરળ બનશે. ઘણા દાયકાઓથી શિક્ષણ નીતિ બદલાઈ ન હતી, તેથી સમાજમાં ઘેટાંની ચામડીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું હતું. ડોક્ટર-એન્જિનિયર-વકીલ બનાવવાની સ્પર્ધા હતી. હવે યુવા સર્જનાત્મક વિચારોને અનુસરી શકશે, હવે ફક્ત અભ્યાસ જ નહીં પરંતુ કાર્યકારી સંસ્કૃતિનો વિકાસ થયો છે.